# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-06-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## ગુજરાત સહિત ચાર રાજ્યની ચુંટણી પરિણામ:

ગુજરાતની કડી અને વિસાવદર સહિત ચાર રાજ્યોની પાંચ વિધાનસભા બેઠક પરની પેટા-ચૂંટણીનું ગઈકાલે પરિણામ જાહેર થયું હતુ. કડી બેઠક પર ભાજપના રાજેન્દ્ર ચાવડા અને વિસાવદર બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઇટાલિયાનો વિજય થયો છે.

પશ્ચિમ બંગાળમાં કાલિગંજ બેઠક પર તૃણમૂલ કૉંગ્રેસનાં ઉમેદવાર અલિફા અહમદનો વિજય થયો છે. જ્યારે કેરળની નિલામ્બુર વિધાનસભા બેઠક પર કૉંગ્રેસના નેતૃત્વવાળી યુનાઈટેડ ડૅમોક્રેટિક ફ્રન્ટનો વિજય થયો છે. આ બેઠક પર કૉંગ્રેસના ઉમેદવાર આર્યદાન શૌકત 77 હજાર મતથી જીત્યા છે. તો પંજાબની લુધિયાણા પશ્ચિમ વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર સંજય અરોરાનો વિજય થયો છે.

--------------------------------------------------------------------------------------------

## ઈરાન-ઈઝરાયેલ યુધ્ધ :

ઈઝરાયેલી સેનાએ ઈરાન પર નવા હવાઈ હુમલા કર્યાનો દાવો કર્યો છે. સેનાએ જણાવ્યું, ગઈકાલે વહેલી સવારે ઈરાનથી છોડવામાં આવેલી મિસાઈલને રોક્યાના, થોડા સમય બાદ આ હુમલા કરાયા. ઈઝરાયેલે 15થી વધુ યુદ્ધ વિમાનની મદદથી ઈરાનના કરમનશાહ પ્રાન્તમાં સૈન્ય પાયાના ઢાંચાને નિશાન બનાવ્યું. તેમજ મિસાઈલ લૉન્ચર અને શસ્ત્ર રાખવાની જગ્યાઓ પર હુમલા કર્યા. ઈરાને પણ ઈઝરાયેલ પર મિસાઈલો અને ડ્રોનથી હુમલા કર્યા, જેના કારણે ઘણા શહેરોમાં વિસ્ફોટના અવાજ સંભળાયા.

બીજી તરફ ઈરાનની સંસદે વિશ્વના સૌથી મહત્વના તેલ અને ગેસ શિપિંગ માર્ગોમાંથી એક હોરમૂઝ સામુદ્રધુનીને બંધ કરવાના પ્રસ્તાવને સર્વસંમતિથી મંજૂરી આપી છે. જોકે, અંતિમ પગલું ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિસદની મંજૂરીની રાહ જોઈ રહ્યું છે.

દરમ્યાન મધ્યપુર્વ સંઘર્ષ વચ્ચે ઈરાન જતો એક લાખ ટન ચોખાનો જથ્થો કચ્છના કંડલા અને મુન્દ્રા બંદરગાહ પર અટવાઈ ગયો છે.

---------------------------------------------------------------------------------------

## CM-વહીવટી સુધારણા પંચ :

ગુજરાત વહીવટી સુધારણા પંચ-GARCએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ત્રીજો અહેવાલ સોંપ્યો છે. GARCના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાના દિશાદર્શનમાં પંચના અહેવાલમાં ડિજિટલ માળખા અને વ્યવસ્થાત્મક સુધારાઓના માધ્યમથી પારદર્શક, ઝડપી અને નાગરિક કેન્દ્રિત શાસન સુનિશ્ચિત કરતી 10 ભલામણો કરવામાં આવી છે.

ગુજરાત વહીવટી સુધારણા પંચે એક વિદ્યાર્થી - એક આઈ.ડી. - એક પોર્ટલ, નિવૃત્ત સરકારી કર્મચારીઓને પેન્શન વિતરણ માટે સંપૂર્ણ સ્વસંચાલિત પ્રણાલી, સરકારના તમામ વિભાગોના GR સંકલિત કરવા વિશિષ્ટ ટાસ્ક ફોર્સ બનાવવા ભલામણ કરી છે. આ ઉપરાંત રાજ્યના તાલુકા-ગામડાઓની તમામ સરકારી સંપત્તિઓ-સેવાઓની GIS આધારિત પ્રણાલી - પ્રોજેક્ટ ઇન્સ્પેક્શનથી યુ.ટી.સી. સુધીની બાબતો, જાહેર પરિવહન સરકારી બસ સેવાઓમાં ટિકિટ ખરીદી QR કોડ કે UPI માધ્યમથી થઈ શકે તેવી વ્યવસ્થાઓ, DG લોકર સાથે દરેક સરકારી સેવા વિતરણ પ્રણાલી લિંક કરવા સહિતની ભલામણોનો પણ સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------------------------

## રાજ્યમાં વરસાદ:

રાજ્યમાં ગઈકાલે 135 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો. સત્તાવાર યાદી મુજબ, સૌથી વધુ સાડા નવ ઈંચ વરસાદ સુરત શહેરમાં વરસ્યો છે. આ સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 18 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

રાજ્યના જળાશયોની સ્થિતિ જોતાં 15 જેટલા જળાશય હાઇ એલર્ટ પર છે, જ્યારે 10 એલર્ટ પર અને 13 વોર્નિંગ પર છે. 10 જળાશય 100 ટકા સુધી ભરાયા છે.

દરમિયાન, હવામાન વિભાગ દ્વારા આગામી અઠવાડીયા સુધી સમગ્ર રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

તો ગઈકાલે જિલ્લા મથક ભુજ સહિત સમગ્ર કચ્છમાં દિવસભર વાતાવારણ વાદળછાયુ રહ્યુ હતું. તો નોંધપાત્ર વરસાદના કોંઈ અહેવાલ નથી.

---

## અદાણી ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ:

અદાણી ન્યુ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા કચ્છમાં ભારતના પ્રથમ ઓફ ગ્રીડ 5 મેગાવોટ ગ્રીન હાઇડ્રોજન પાયલોટ પ્લાન્ટની સફળ શરૂઆતની જાહેરાત કરવામાં આવી છે. જે રાષ્ટ્રના સ્વચ્છ ઉર્જા નિર્માણમાં એક મહત્વનું સીમાચિહ્ન સાબિત થશે. આ અત્યાધુનિક પ્લાન્ટ સો ટકા સૌર ઉર્જાથી સંચાલિત અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમથી સંકલિત હશે.

---

## ભુતપુર્વ ક્રિકેટરનું નિધન:

ભુતપુર્વ ભારતીય ક્રિકેટર ડાબોડી સ્પિનર દિલીપ દોશીનું ગઈકાલે લંડનમાં હાર્ટ એટેકના કારણે નિધન થયુ છે. તેઓ 77 વર્ષના હતા. તેમનો જન્મ રાજકોટમાં થયો હતો. તેઓ રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્ર અને બંગાળ તરફથી રમ્યા હતા.

---

## વિશ્વ ઉંટ દિવસની ઉજવણી:

ભુજ તાલુકાના કોટડા ચકાર નજીક આવેલી સરણવાડી ભેડમાતા મંદિર ખાતે વિશ્વ ઊંટ દિવસની ભવ્ય ઉજવણી યોજાઈ. કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠનની વાર્ષિક સાધારણ સભા આ પ્રસંગે મળી હતી. સંગઠન સાથે કચ્છના 8 તાલુકાના 324 પરિવારો જોડાયેલા છે.

સંગઠન ઊંટ પાલકોની આજીવિકા, ઊંટોના ચરિયાણ અને આરોગ્ય માટે સક્રિય કામગીરી કરે છે.

---